**અમદાવાદ(ગ્રામ્ય)ના મે. ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટમાં, મુ.મીરઝાપુર, અમદાવાદ.**

**<u>ફોજદારી કેસ નં. ૯૬૯/૨૦૨૩</u>**

**<u>આંક.......</u>**

**<u>ફરીયાદીઃ</u>** શ્રી સરકાર

વિરૂદ્ધ

**<u>આરોપીઃ</u>** લાલાભાઈ ભીખાભાઈ રબારી

**ગુનો:–** જી. પી. એક્ટ કલમ ૧૦(અ) મુજબ

**<u>ચુ કા દો</u>**

૧. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે આરોપીએ પોતાના ઢોર(livestock ) લોકોની જીંદગી જોખમાય તે રીતે જાહેર રોડ ઉપર છુટા મુકી આવતા જતા ટ્રાફીક તેમ રાહદારીઓને અડચણરૂપ કરવા અંગે જી. પી. એક્ટ કલમ ૧૦(અ) મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ફરીયાદ દાખલ કરી તપાસ કરી ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ દ્વારા ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.આજરોજ ના.નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝનાઉપક્રમે નેશનલ લોક અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પે. સીટીંગ રાખેલ છે.

૨. આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આરોપીને ગુના કબુલાત અંગે પુછતા તેઓ ગુનાની કબુલાત કરતા હોઈ તેઓની ગુના ની કબુલાત પુરસીસ લીધી.તેમાં તેઓએ જણાવેલ છે કે,તેઓને ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે. તેઓનો આ પ્રથમ ગુનો છે.અને તેઓ કોઈ પણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરે છે.અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે.આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.આમ આરોપીના ઉપરોકત સંજોગો જોતાં દોષિત ઠરાવી નીચે મુજબ હુકમ કરૂ છું.

**<u>હુ ક મ</u>**

આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ:૨૫૨ અન્વયે જી. પી. એક્ટ કલમ ૧૦(અ) મુજબ ગુના સબબ તકસીરવાન ઠરાવી સંયુક્ત રીતે રૂા. 100/– અંકે રૂપિયા એકસો પુરા દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને દંડ ન ભરે તો દિન– 5 ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલના નાણાં સરકાર ખાતે જમા લેવા અને બાકીના મુદ્દામાલનો નાશ કરવો.

તા. 11/02/2023
અમદાવાદ

(રઘુવિરસિંહ અનિરૂધ્ધસિંહ ઝાલા)
UIC CODE NO. GJ00938
ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ
મીરઝાપુર, અમદાવાદ (U|FdIf